પ્રાયોગિક ધોરણે શરૂ કરાયેલ ૧૦ નારી અદાલત માટે ગ્રામ પંચાયતોની પસંદગી કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AWR/e-file/23/2026/0937/A

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

(૧) વિભાગના તા.૧૪.૦૫.૨૦૨૬ના ઠરાવ ક્ર: WCDD/AWR/e-file/23/2025/1308/A

(૨) ગુજરાત રાજ્ય મહિલા આયોગની કચેરીનો તા.૨૩.૦૭.૨૦૨૬નો પત્ર ક્ર: રામઆ/વહટ/ નારી અદાલત/૨૦૨૬/૧૧૭૧

પ્રસ્તાવના:

વંચાણે લીધેલ ક્રમ નં.(૧) સામે દર્શાવેલ ઠરાવથી મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા અંતર્ગત પ્રાયોગિક ધોરણે ગ્રામ પંચાયત સ્તરે કુલ-૧૦ નારી અદાલત શરૂ કરવાની નવી બાબતને મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત ઠરાવના મુદા નં. (૨) અન્વયે વંચાણે લીધેલ ક્રમ નં.(૨) સામે દર્શાવેલ પત્રથી ગુજરાત રાજ્ય મહિલા આયોગની કચેરી દ્વારા ૧૦ ગ્રામ પંચાયતોની પસંદગી કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા અંતર્ગત પ્રાયોગિક ધોરણે ગ્રામ પંચાયત સ્તરે શરૂ કરેલ નારી અદાલતો માટે નીચે મુજબની કુલ-૧૦ ગ્રામ પંચાયતોની પસંદગી કરવામાં આવે છે.

ક્રમ	**જિલ્લો**	**તાલુકો**	**ગામનું નામ**	**સરપંચશ્રીનું નામ (મહિલા સરપંચ)**
૧	નર્મદા	ગરુડેશ્વર	ગરુડેશ્વર	સુશ્રી સરોજબહેન બાબુભાઇ વસાવા
૨	નર્મદા	ચીકદા	ચીકદા	શ્રીમતી લતાબેન મહેન્દ્રભાઇ વસાવા
૩	દાહોદ	સીંગવડ	સીંગવડ	સુશ્રી લખીબેન બાલુભાઇ વહોનીચા
૪	દાહોદ	ગોવિંદગુરૂ લીમડી	લીમડી	શ્રીમતી શીલાબેન વિજયકુમાર મોરી
૫	દાહોદ	સુખસર	કાળીયા	સુશ્રી પુષ્પાબેન ભાવિનભાઇ મછાર
૬	મહિસાગર	કોઠંબા	કોઠંબા પાલ્લા	સુશ્રી નીતાબેન વિશાલકુમાર પટેલ
૭	છોટાઉદેપુર	કદવાલ	કદવાલ	સુશ્રી રુજલીબેન જામસીંગભાઇ રાઠવા
૮	વાવ-થરાદ	ધરણીધર	રાધાનેસડા	સુશ્રી લક્ષ્મીબેન દેવજીભાઇ કોળી
૯	અરવલ્લી	શામળાજી	શામળપુર	સુશ્રી સંગીતાબેન મહેન્દ્રભાઇ પટેલ

૧૦	બનાસકાંઠા	વડગામ	જલોત્રા	સુશ્રી ગલબીબેન મહેશભાઇ ચૌધરી

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૭.૦૮.૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(નિર્વિશા પુરોહિત)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, બ્લોક નં.૪/૧ માળ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી, નર્મદા, દાહોદ. મહિસાગર, છોટા ઉદેપુર, વાવ-થરાદ, અરવલ્લી, બનાસકાંઠા તરફ... સંબંધિત ગ્રામ પંચાયતને પણ ઠરાવની નકલ મોકલી આપવા સારૂં.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified

Signed by:Nirvisha Purohit
Under Secretary
Date:2026.09.09
10:46:42 +5:30

Open the document in Adobe Acrobat DC to verify the E-sign